a PROJECT **REPORT**

CELEBRATING 25 YOUTHFUL YEARS
HEART OF EDUCATION is EDUCATION OF HEART
OASIS
Oasis Publications

Source of Greatest Wisdom on Self/Social Development...
Celebrating Books That Enlighten Lives...
...25 Silver Years, 150+ Golden Publications, 1700000 Copies

# ઓએસિસ વાંચન-પ્રેરણા પ્રોજેક્ટ



ઓએસિસ પબ્લિકેશન્સની રજત જયંતિની ઉજવણીના ભાગરૂપે

## ૧ લાખ વિદ્યાર્થીઓને જીવન-પ્રેરક સાહિત્ય-વાંચન માટે પ્રોત્સાહન

# ઓએસિસ વાંચન-પ્રેરણા પ્રોજેક્ટ

## ઓએસિસ પબ્લિકેશન્સ વિશે

ઓએસિસ પબ્લિકેશન્સ ઓએસિસ મુવમેન્ટનો અત્યંત મહત્ત્વનો હિસ્સો છે. જીવનને લગતા મહાન સિદ્ધાંતો ખૂબ મોટા પાયે લોકો સુધી પહોંચાડવા માટે પુસ્તકો શ્રેષ્ઠ, અસરકારક માધ્યમ છે. ઓએસિસનાં તમામ પુસ્તકોનો કેન્દ્રવર્તી ખ્યાલ ચારિત્ર્ય-ઘડતર છે અને તેમાં જીવનને લગતા અનેક વિષયો આવરી લેવામાં આવ્યા છે, જેવા કે, ધ્યેય, આત્મવિશ્વાસ, પ્રેમ, સંબંધો, સંતાન-ઉછેર, લગ્ન, સફળતા, કારકિર્દી, સ્વ-પરિવર્તન, સ્વાસ્થ્ય, નેતૃત્વ, મેનેજમેન્ટ, વગેરે. ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી ભાષામાં ૧૭૫થી વધુ પુસ્તકોની ૧૮ લાખથી વધુ પ્રતોનું પ્રકાશન કરવામાં આવ્યું છે; પુસ્તક-વાંચનને પ્રોત્સાહન આપવા આશરે ૩.૫ લાખથી વધુ લોકો માટે પુસ્તકો પર આધારિત સેશન્સનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

## ઓએસિસ વાંચન-પ્રેરણા પ્રોજેક્ટ વિશે

### શું કરવું હતું?

ઓએસિસ પ્રકાશને ઑગસ્ટ ૨૦૨૩માં જ્વલંત ૨૫ વર્ષ પૂરાં કર્યાં. તેની વિશેષ ઉજવણીના ભાગરૂપે અનેક પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા, તે પૈકી એક પ્રોજેક્ટ હતો - ગુજરાતના ૧ લાખ વિદ્યાર્થીઓને (મુખ્યત્વે શાળાના) ઓએસિસના ચારિત્ર્ય-ઘડતરને લગતાં પુસ્તકો થકી વાંચન માટે પ્રેરવા.

### કેમ કર્યું?

- વિદ્યાર્થીઓને પુસ્તક સ્વરૂપે એક આજીવન મિત્રની ભેટ આપવાનો હેતુ છે. વિદ્યાર્થીઓ પુસ્તક સાથે મિત્રતા કરશે તો પોતાના જીવનમાં તેઓ ક્યારેય એકલા નહીં પડે. તેમને જ્યારે જરૂર હશે ત્યારે વિશ્વના મહાન મનુષ્યો પાસેથી પુસ્તક થકી માર્ગદર્શન મેળવી શકશે.
- પુસ્તક થકી વિદ્યાર્થીઓ પોતાને વધુ સારી રીતે જોઈ અને સમજી શકે છે, પોતાની જાતને વધુ સારી રીતે ઓળખી શકે છે, પોતાની જાત સાથે નાતો બનાવતાં શીખી શકે છે.

### કેવી રીતે કર્યું?

૩૩૩ શાળાઓને ઓએસિસનાં ૪ પુસ્તકોના ૫૦-૫૦ સેટ આપવામાં આવ્યા. દરેક શાળાના આશરે બે શિક્ષકોને, કુલ ૬૪૩ શિક્ષકોને ઓએસિસનાં પુસ્તકો પર આધારિત સેશન્સની ટ્રેનિંગ આપવામાં આવી. આ દરેક શિક્ષકે પોતાની શાળાના અંદાજે ૧૦૦ વિદ્યાર્થીઓ માટે ૪ અલગ અલગ પુસ્તક પર કુલ ૪ સેશન્સ લેવા એવું નક્કી થયું હતું. અલબત્ત, ક્યાંક ૨ તો ક્યાંક ૪થી વધુ સેશન્સ થયાં. સેશનની અવધિ આશરે ૨-૪ કલાક રાખી હતી.

શાળાઓમાં વાંચન માટેના શ્રેણીબદ્ધ સેશન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં જ વિદ્યાર્થીઓએ પુસ્તકો વાંચ્યાં અને તેમણે જે વાંચ્યું તેમાંથી તેઓ શું શીખ્યા તે રજૂ કર્યું. જ્યારે વિદ્યાર્થીઓ તેઓ જે વાંચે છે તેની સાથે તેમના જીવનને સાંકળી શકે છે ત્યારે તેમને વાંચનમાં રસ જાગે છે, આ સમજણ પર આ આખા પ્રોજેક્ટનો અમલ કરવામાં આવ્યો.

આ આખી પ્રક્રિયાનાં અદ્ભુત પરિણામો આવ્યાં. આગળનાં પાનાં પર એની ઝાંખી આપવામાં આવી છે.

**ઓએસિસ પબ્લિકેશન્સની રજત જયંતિની ઉજવણીના ભાગરૂપે**

# ઓએસિસ વાંચન-પ્રેરણા પ્રોજેક્ટ



**ઓએસિસના વાંચન માટેના સેશન બાદ ખુશખુશાલ, ઊર્જાસભર વિદ્યાર્થીઓ**

## વાંચન-પ્રેરણા પ્રોજેક્ટ અંતર્ગત થયેલાં કામની વિગતો

**કુલ લાભાર્થીઓ : ૧,૨૫,૯૮૩**

**વાંચન માટેના સેશન્સ : ૩,૧૪૯**

**ઓએસિસ તરફથી ભેટ અપાયેલાં પુસ્તકોની કુલ નકલો : ૭૬,૦૩૨**

**કુલ સહભાગી શાળાઓ / શિક્ષકો : ૩૩૩ / ૬૪૩**

**સમયગાળો : ઑગસ્ટ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪**

# આંખને ઠારે તેવાં કેટલાંક દૃશ્યો



શાળાનો વર્ગખંડ હોય કે શાળાની પરસાળ
અમારે તો બસ વાંચવું છે!



## "પુસ્તક વાંચી મને એમ થયું કે મને ખજાનો મળી ગયો"




પુસ્તકાલયના ટેબલ-ખુરશી પર બેસીને વાંચવાનું હોય કે શાળાના પેસેજમાં મૂકેલી બેન્ચ પર
અમને ક્યાં કશાની પરવા હતી, અમારે તો બસ વાંચવું હતું!



**"ઓએસિસનાં પુસ્તકોએ મને જબરજસ્ત પ્રેરણા આપી છે."**



**ટ્રસ્ટની શાળાના વિદ્યાર્થીઓ હોય, સ્વનિર્ભર શાળાના વિદ્યાર્થીઓ હોય કે સરકારી પ્રાથમિક શાળાના – સહુએ વાંચ્યું.**



### “પુસ્તક વાંચી દરેક પરિસ્થિતિમાં સારું શું છે તે જોતાં શીખી”



**બહેનપણી સાથે એક પુસ્તકમાંથી વાંચવાની મજા માણી અને લાઈબ્રેરીમાં સહેજે અવાજ કર્યા વગર ચૂપચાપ વાંચવાની મજા પણ લીધી...**



## “હવે હું રોજ બુક વાંચું છું”





**પુસ્તક વાંચી એમાંથી શું શીખ્યા તે લખ્યું, મિત્રો સાથે ગ્રુપમાં બેસી શેર કર્યું... શીખવાની બહુ મજા લીધી**








## “વાંચન-પ્રેરણા પ્રોજેક્ટે પુસ્તક રૂપે જીવનભરનો સાથી આપ્યો”



માત્ર વિદ્યાર્થીઓએ નહીં, શિક્ષકોએ પણ વાંચ્યું... હવે તો વાંચશે આખુંયે ગુજરાત









**૧,૨૫,૯૮૩ લાભાર્થીઓએ રસપૂર્વક વાંચ્યું**










Shot on OnePlus
By DEVEN
12/30/23
10:35 AM










REDMI NOTE 8 PRO
BY J M PRAJAPATI



# વાંચનના સેશન્સ બાદ ખુશખુશાલ વિદ્યાર્થીઓ


























# વાંચન-પ્રેરણા પ્રોજેક્ટનાં હૃદયસ્પર્શી પરિણામોની થોડીક ઝલક

## પુસ્તક-વાંચનની વિદ્યાર્થીઓ પર થયેલી અસરો અંગે શિક્ષકોનાં નિરીક્ષણો

**'...એનું નામ શક્તિ'** પુસ્તક વાંચી વિદ્યાર્થીઓએ પોતાની શક્તિ વધારવા જુદી જુદી બાબતો કરી. એક દિવસ મધ્યાહ્ન ભોજન વખતે એક છોકરો દાળ-ભાતમાં આવતાં ટામેટાં, ધાણા થાળીને કિનારે કાઢી નાંખતો હતો. તેની બાજુમાં બેસેલા બીજા છોકરાએ તેને કહ્યું, "તારામાં શક્તિ નથી?" પેલા છોકરાએ પૂછ્યું, "કેમ આવું પૂછે છે?" તો એણે કહ્યું કે, "તું આ બધું થાળીને કિનારે કેમ કાઢી નાંખે છે?" તો પેલા છોકરાએ કહ્યું, "મને નથી ભાવતું." એટલે બાજુમાં બેઠેલા એ છોકરાએ કહ્યું કે, "આપણે પેલી ચોપડી વાંચી એમાં લખ્યું છે ને કે ન ભાવતું હોય તો પણ સ્વાસ્થ્ય માટે ખાઈએ તો એનું નામ શક્તિ." મેં નોંધ્યું કે **હવે એ છોકરો ખાતી વખતે કશું કિનારે કાઢતો નથી, બધું ખાઈ જાય છે.**

~ જિંકલબેન, શિક્ષિકા

**'જીવનસાધક નચિકેતા', 'હું છું પોલિયાના', 'વારિસ'** જેવાં પુસ્તકો વાંચી વિદ્યાર્થીઓમાં હિંમતનો ગુણ ખીલતો હોય એવું જણાયું. એક વિદ્યાર્થીનીને રોજ ૧ કિ.મી. જેટલું ચાલીને શાળાએ આવવું પડતું. એને રસ્તે એકલા આવતાં ડર લાગતો હતો એટલે તે ભણવાનું છોડવા વિચારતી હતી. પણ, આ પુસ્તકો વાંચ્યાં પછી એ હવે એવું કહે છે કે, બેન, **ભણવા માટે મારે બીજે ગામ જવું પડે કે હોસ્ટેલમાં રહેવું પડે તો પણ હું તૈયાર છું.**

~ જયશ્રીબેન, શિક્ષિકા

મારા વર્ગમાં એક વિદ્યાર્થીની છે, જેના પિતા અવસાન પામ્યા હતા. તેથી તે ખૂબ ઉદાસ રહેતી હતી. તેની મમ્મી તે સારી રીતે ભણે તે સમજાવતી હતી, પરંતુ તેને તે ગમતું નહોતું, તેથી તેનો તેની મમ્મી સાથે વારંવાર ઝઘડો થતો હતો. ઓએસિસનું પુસ્તક **'હું છું પોલિયાના' વાંચી તે પણ ખુશ રહેવા લાગી અને ભણવામાં મહેનત કરવા લાગી. હવે તેને તેની મમ્મી વહાલી લાગે છે.**

~ ગીતાબેન, શિક્ષિકા

મેં જ્યારે પહેલો સેશન લેવાનો વિચાર કર્યો ત્યારે મને વિચાર આવ્યો હતો કે શું વિદ્યાર્થીઓ આ પુસ્તકો વાંચવામાં રસ દાખવશે? મેં પહેલો સેશન **'સાચી સફળતા સાચું જીવવામાં'** પુસ્તિકા સાથે કર્યો. વિદ્યાર્થીઓએ એ નાની પુસ્તિકા વાંચી, સાથે મેં પણ વાંચી. ત્યારે મને એવું લાગ્યું હતું કે કદાચ તેમણે વાંચવા ખાતર વાંચી હશે અને પાછી આપી દીધી હશે. પણ, ૩-૪ દિવસ પછી તેમણે સામેથી પૂછ્યું કે, બેન, બીજી નાની ચોપડીઓ ક્યારે આપશો? અને મને ખરેખર નવાઈ લાગી કે **જે બાળકો પહેલાં વાંચવાના નામથી મોઢું બગાડતાં હતાં તેઓ સામેથી પુસ્તકો માંગે છે.**

~ સામબાઈ, શિક્ષિકા

મારા વર્ગના એક બાળકના પપ્પાનો અકસ્માત થયો. તે વખતે જ મારા વર્ગમાં 'હું છું પોલિયાના' પુસ્તકનું વાંચન થયું હતું. **પુસ્તક વાંચ્યા પછી એ બાળક ખુશ થયો કે ભલે મારા પપ્પાનો અકસ્માત થયો પણ તેઓ જીવિત છે,** મારી સાથે છે. અકસ્માત પછી મને પપ્પાની કેટલી જરૂર છે તે મને સમજાયું, મારો મારા પપ્પા પ્રત્યેનો પ્રેમ વધી ગયો.

~ જીગ્નેશભાઈ, શિક્ષક

**'જવાબદારી એટલે'** પુસ્તિકા વાંચી જે વિદ્યાર્થીઓ પહેલાં સફાઈનાં કામોથી દૂર ભાગતા હતા તેઓ એ **કામ પોતાની જવાબદારી સમજીને જાતે કરતા થયા.**

~ રેખાબેન, શિક્ષિકા

## વિદ્યાર્થીઓની સાથે સાથે શિક્ષકોને પણ વાંચનથી લાભ થયો

પુસ્તક-વાંચન એ મારા માટે પણ એટલું જ અઘરું હતું જેટલું બાળકો માટે. **'સાચી સફળતા સાચું જીવવામાં'** પુસ્તક વાંચ્યા પછી ખરેખર બાળકોને સમજાવતાં અનુભવ્યું કે હું ઘણીવાર સફળતા ન મળવાથી નિરાશ થઈ જતી હતી. પણ પુસ્તકે મને સમજણ આપી કે જીવન કેવું જીવો છો એ પણ સફળતા છે. જો તમારો પરિવાર ખુશ છે, તમને કાર્યનો સંતોષ છે તો તમે પણ ખરા અર્થમાં સફળ છો... મને લાગ્યું કે **હું ખરા અર્થમાં જીવન સાર્થક કરી રહી છું. મને ઓએસિસનાં પુસ્તકો બહુ ગમે છે.**

~ વર્ષાબેન, શિક્ષિકા

આ પ્રોજેક્ટથી **પુસ્તક-વાંચનની મારી છૂટી ગયેલી આદત પાછી આવી**, જેનાથી મન શાંત ને આનંદિત રહેવા લાગ્યું. હું મારા રસ્તે પાછો આવી ગયો એવું લાગે છે.

~ જિગરભાઈ, શિક્ષક

મોબાઈલ આવ્યા પછી હું ખૂબ એમાં જ વ્યસ્ત રહેતો. પણ, વિદ્યાર્થીઓ માટે વાંચનના વર્કશોપ લેવા માટે મારે પણ તૈયારી કરવાની થઈ. પુસ્તકો વાંચ્યાં, સમજ્યો, મારાં ઉદાહરણો સાંકળ્યાં... અને છેલ્લે જે 'ફલશ્રુતિ' રૂપે થયું તે – મને મોબાઈલ ઓછો ગમવા લાગ્યો, હું વાંચન તરફ વળ્યો, વિચારો વિસ્તર્યા, લખતો થયો... મારી અભિવ્યક્તિમાં સુધારો આવ્યો, નિઃસંકોચ, આત્મવિશ્વાસથી બોલતો થયો.

~ મેહુલભાઈ, શિક્ષક

એક શિક્ષક તરીકે બાળકોને પુસ્તક વાંચવા આપતાં પહેલાં મેં જ્યારે ઓએસિસનું પુસ્તક વાંચ્યું ત્યારે હું તેનાથી બહુ જ અભિભૂત થઈ ગઈ. મને સમજાયું કે આપણી આસપાસ કેટલી બધી સકારાત્મકતા અને ખુશીઓ છે, જેને જોવાનો પ્રયત્ન ન કરતાં આપણે ક્ષણિક મુશ્કેલીઓને આપણા જીવનના અમૂલ્ય સમય પર હાવી થઈ જવા દેતા હોઈએ છીએ. **મારા જીવનમાં પુસ્તક વાંચવાથી આવો હકારાત્મક અભિગમ કેળવાતો હોય તો બાળકોના જીવનમાં તો ઘણો ફેરફાર શક્ય છે. આ જ વિચાર સાથે મેં સેશન્સ લીધેલા.** અને વિદ્યાર્થીઓના જીવનમાં આવતા ફેરફારો જોઈ મને ખૂબ જ આનંદ થયો.

~ હર્ષાબેન, શિક્ષિકા

ભર ઉનાળે શબ્દોની છાંયડી લાવી છું,<br>
ફરી આજે પુસ્તકોને ચાહવા આવી છું.<br>
હો 'પોલિયાના' કે પછી 'એનું નામ શકિત ',<br>
કાગળ પર જીવંત મૂલ્યોની લહાણી લાવી છું.<br>
કિતાબ, પુસ્તક, ચોપડી કે બુક... જે નામ આપો,<br>
એના સહવાસમાં જીવન જીતવા આવી છું.

~ કોમલબેન, શિક્ષિકા

પુસ્તકો વાંચ્યાં! ગમ્યાં! બહુ જ ગમ્યાં!

પુસ્તકોએ મારી ભીતર સંકેલાઈને બેસી ગયેલાં સંવેદનોને ફરી સ્પંદિત કર્યા, **જાણે કે હું ફરી જીવંત બની...** નવી જીવન-દૃષ્ટિ સાથે... નવી હકાત્મકતા સાથે... નવા ઉત્સાહ સાથે...

દરેક પુસ્તકમાંથી વિદ્યાર્થીઓ કંઈકનું કંઈક શીખ્યા. ને જ્યારે એ વહેવારમાં જોવા મળતું ત્યારે 'દિલ બાગ બાગ' થઈ જતું... વિદ્યાર્થીઓ પુસ્તક વાંચે અને વાંચનના માધ્યમથી જીવન-મૂલ્ય કેળવે! – કેવું મજાનું કામ થયું!

~ કોમલબેન, શિક્ષિકા

આ પ્રોજેક્ટ થકી હું **અને મારા વિદ્યાર્થીઓ એકબીજાની સંવેદનાને સ્પર્શતાં થયાં.**

~ ડૉ. અસ્મિતા, શિક્ષિકા

## શિક્ષકોના અન્ય અભિપ્રાયો

"વિદ્યાર્થીઓ લાઈબ્રેરીમાં જવા અધીરા બન્યા છે."

~ રંજનબેન

"વાંચનપ્રેરણા પ્રોજેક્ટમાં વિદ્યાર્થીઓને તેમના જીવન સાથે જોડાયેલી બાબતો અંગે માર્ગદર્શન મળી રહી તેવાં પુસ્તકો આપવામાં આવે છે જેથી તેઓ જીવન સાથે જોડાયેલી મહત્ત્વની ઘટનાઓ અને બાબતોને સારી રીતે સમજી શકે છે."

~ નરવીનસિંહ

"આ પ્રોજેક્ટ દરેક વિદ્યાર્થીને સારી બાબતો શીખવાની તક આપે છે અને જીવનની જીવવાની સાચી દિશા બતાવે છે. આ પ્રોજેક્ટ લાંબા સમય સુધી ચાલે તો ખૂબ જ હકારાત્મક પરિણામ આવી શકે તેમ છે."

~ પરિતાબેન

"It was mind-blowing experience… very happy and grateful to be a part of this process."

~ Manojbhai

"આજના ડિજિટલ યુગમાં બાળકો, યુવાનો તેમજ માણસોના હાથમાં મોબાઈલ હોય એ સામાન્ય ઘટના છે. લોકો વાંચનથી વિમુખ થતા જાય છે ત્યારે આજે બાળકોના હાથમાં પુસ્તક જોવાથી રોમાંચ થયો. વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહથી પુસ્તક વાંચ્યું. તેમના મુખ પર પ્રસન્નતા જોઈ શક્યો. આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓ વાંચનમાં રસ ધરાવતાં થયાં છે."

~ દિનેશભાઈ

"બાળકોમાં વાંચવા માટેનો રસ કેળવાયો."

~ શીતલબેન

"વિદ્યાર્થીઓને અભ્યાસક્રમથી અલગ નવું વાંચવા મળે છે તેથી તેમને વધારે આનંદ આવે છે. નવું જાણવા મળે છે તથા આ વાંચન પછી કોઈ ટેસ્ટ ન લેવાતી હોઈ તેઓ ઉત્સાહથી વાંચે છે ને ડર વગર જવાબ આપી શકે છે."

~ હિરલબેન

"ઓએસિસના ટ્રેનિંગ સેશનમાં ભાગ લીધા પછી હું પોતે દરરોજ વાંચન કરું છું, જેનાથી મારું જીવન, સ્વભાવ, વ્યવહાર, કર્મો બધું બદલાયાં છે."

~ નારણભાઈ

"પુસ્તક-વાંચન બાદ બાળકો એકબીજા સાથે ચર્ચા પણ કરે છે. જે બાળકોને વાંચતાં નથી આવડતું તે પણ ધ્યાનથી સાંભળે છે અને ભાગ લે છે."

~ નરેશભાઈ

"મોબાઈલની આ દુનિયામાં વાંચન-પ્રેરણા પ્રોજેક્ટે પુસ્તક રૂપે જીવનભરનો સાથી આપ્યો.
વિદ્યાર્થીઓ અને શિક્ષક એકસાથે કોઈ એક જ પુસ્તક વાંચે અને તેમાંથી શીખે તેવું પહેલીવાર જોયું... અદ્‌ભુત અદ્‌ભુત અનુભવ."

~ ડૉ. અસ્મિતા

## વિદ્યાર્થીઓના કેટલાક અભિપ્રાયો

"'વૃક્ષમાં બીજ તું' પુસ્તક વાંચી મારી અંદર પડેલા સારા ગુણો કેવી રીતે ખીલવી શકું તે શીખી."

~ નિષ્ઠા પટેલ

"મારા ઓછા માર્ક્સ આવવાથી હું બહુ નિરાશ થઈ જતી હતી. ઘણીવાર નાની નાની વાતે ગુસ્સો આવી જતો. પરંતુ, ઓએસિસનું પુસ્તક વાંચ્યા પછી મને સમજાયું કે દરેક પરિસ્થિતિમાં સારું શું છે તે જોતાં મારે શીખવું જોઈએ."

~ આયુષી પટેલ

"'...એનું નામ શક્તિ' પુસ્તક વાંચી હું શીખી કે – સારું સારું ચટાકેદાર ખાવાનું મન થાય ત્યારે સ્વાસ્થ્ય માટે કડવા કારેલા ખાવા એનું નામ શક્તિ."

~ કામિની

"'શીખવું એટલે' પુસ્તક વાંચી મને એમ થયું કે મને ખજાનો મળી ગયો. મને આ વાત બહુ ગમી – શીખવું એટલે પ્રયત્ન કરવો, નિષ્ફળ જવું, ફરી પ્રયત્ન કરવો અને તેમ કરતાં કરતાં છેવટે કરીને જ જંપવું. ગણિતના દાખલા મને ના આવડે તો જ્યાં સુધી મને આવડી ના જાય ત્યાં સુધી હું કર્યા જ કરું છું અને કરીને જંપું છું."

~ દર્શન

"'...એનું નામ શક્તિ' પુસ્તક આપણને ચારિત્ર્ય-ઘડતર તરફનો સીધો અને સાચો માર્ગ બતાવે છે."

~ જૈમિન

"મને બુક વાંચવાની બહુ જ મજા આવી. હવે હું રોજ બુક રોજ વાંચું છું."

~ પ્રીતિ

"'વૃક્ષમાં બીજ તું' પુસ્તક વાંચી મારા જીવનમાં સાહસ, હિંમત, પ્રામાણિકતા, માનવતા જેવા ગુણો ખીલશે એવી મને ખાતરી છે."

~ મયુર

"ઓએસિસનાં પુસ્તકોએ મને જબરજસ્ત પ્રેરણા આપી છે. અદ્‌ભુત પુસ્તકો છે!"

~ તનિષ્કા

"All thanks to Sanjiv Shah for writing such a great, valuable and priceless book for our precious life and for making us understand about the importance of life."

~ Devansh

"I really found the book to be awesome. It was really the best book ever till today. Loved it. Thank you so much."

~ Soma

"'How to achieve, what you want' is the most helpful, motivational story according to me. I would apply the learning of this story by changing perspective of my life. I will focus on myself, my goal, will learn things from mistakes instead of accusing, will take responsibility of my actions."

~ Maithily

"After reading the book, I will try to understand what people may think before I react. I will reduce my anger. The book was awesome."

~ Prutha

"I will apply learning of the book by thinking positively and by accepting all the things the way they are. Thank you for giving us a great experience. Please come up with more such books!"

~ Chahat

"I will give this story 10/10. This story was unbelievable and fabulous. I loved it."

~ Dhriti

"After reading this book, I have learned to never give up and never hesitate to try something after failures."

~ Aaryan

"Today's session was amazing and the experience was wonderful as I got to read many powerful stories and morals. The book itself was a beautiful and thoughtful book."

~ Shreeya






## ઓએસિસ એ તમામ ૬૪૩ શીખતાં શિક્ષકોને સલામ કરે છે

## જેમના થકી વિદ્યાર્થીઓ પુસ્તકોને દોસ્ત બનાવી શક્યા























# વાંચન-પ્રેરણા પ્રોજેક્ટ માટે પસંદ કરાયેલ ઓએસિસનાં પુસ્તકો

| ક્રમાંક | પુસ્તકનું શીર્ષક | ક્રમાંક | પુસ્તકનું શીર્ષક |
|---|---|---|---|
| 1 | વારિસ - રણમાં ખીલેલું | 23 | શીખવું એટલે... |
| 2 | જિજીવિષા – ધ સ્પિરિટ ઓફ સર્વાઇવલ | 24 | ધ્યેય એટલે... |
| 3 | હું છું પોલિયાના! | 25 | જીવન મુશ્કેલ છે |
| 4 | સોપાન સામાજિક ક્રાંતિના | 26 | જે દુભવે છે તે શીખવે છે |
| 5 | સામાજિક ક્રાંતિના મશાલચીઓને | 27 | પ્રેમ એ લાગણી નથી કર્મ છે |
| 6 | સાચી કેળવણીના પ્રિય સપૂતોને | 28 | મારી દૃષ્ટિ જ મારું ચારિત્ર્ય |
| 7 | લાગણીઓના ઝંઝાવાતમાં મહેકી શકે છે આ જિંદગી! | 29 | સાચી સફળતા સાચું જીવવામાં |
| 8 | એનું નામ શક્તિ | 30 | વાવીએ તેવું લણીએ |
| 9 | નેતૃત્વની સિદ્ધાંતપોથી | 31 | મારી ભાષા જ મારું શીલ |
| 10 | સમૃદ્ધિની ભેટ | 32 | An Oasis of Thoughts – Friendship |
| 11 | પ્રેમની ભેટ | 33 | જીવન-કાવ્યોની ભેટ |
| 12 | સ્વવિકાસની ભેટ | 34 | The Gift of Success |
| 13 | નારી-જીવનની ભેટ | 35 | The Gift of Prosperity |
| 14 | સ્વાવલંબનની ભેટ | 36 | ઓહ પ્રેમ! |
| 15 | વેદના એટલે... | 37 | ભારત મારો દેશ છે |
| 16 | ગુસ્સો એટલે... | 38 | જવાબદારી એટલે... |
| 17 | ડિપ્રેશન એટલે... | 39 | દેશપ્રેમ એટલે... |
| 18 | અપરાધભાવ એટલે... | 40 | સ્વતંત્રતા એટલે... |
| 19 | સુખ એટલે... | 41 | સજીવન સર્જન |
| 20 | વિચારવું એટલે... | 42 | બીજમાં વૃક્ષ તું – ૧ |
| 21 | સિદ્ધાંતો એટલે... | 43 | બીજમાં વૃક્ષ તું – ૨ |
| 22 | સમસ્યા એટલે... | 44 | વૃક્ષમાં બીજ તું |

# કૃતજ્ઞતા

જેમના સહયોગથી આ પ્રોજેક્ટનાં આવાં સુંદર પરિણામો આવ્યાં છે
એ તમામ ભાગીદારો પ્રત્યે ઓએસિસ ઊંડી કૃતજ્ઞતા વ્યક્ત કરે છે...

ભાગ લેનાર બધા જ વિદ્યાર્થીઓ
સ્નેહપૂર્વક સેશન લેનાર તમામ શિક્ષકો
પ્રોજેક્ટમાં જોડાનાર શાળાઓના ટ્રસ્ટી-સંચાલકો તથા આચાર્યો
શિક્ષકોને વાંચન-સેશનનો અનુભવ આપનાર ફેસિલીટેટર્સ
અદાણી ફાઉન્ડેશન
અંકિત જેમ્સ પ્રા. લિ.
બ્લેકઇન્ક
ઇકીગાઈ ઇન્ફોટેક
ચારુતર વિદ્યામંડળ
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી, વડોદરા
મા ફાઉન્ડેશન
મોન્ટેકાર્લો ફાઉન્ડેશન
નોવેલ સ્પેન્ટ એસિડ મેનેજમેન્ટ
પ્રણામી જેમ્સ
રોટરી ક્લબ ઓફ વિસનગર
સમન્વય ગ્રુપ, ભાવનગર
સમર્થ ચેરીટેબલ ટ્રસ્ટ
સૂર્યમ્ ડેવલપર્સ
વટવા ઇન્ડસ્ટ્રીઝ એસોસિએશન

આ ઉપરાંત, આ પ્રોજેક્ટમાં બીજા અનેક ઉદાર મનુષ્યોનો સીધો અને આડકતરો સહયોગ સાંપડ્યો છે,
તે સહુનો ઓએસિસ હૃદયથી આભાર માને છે.

Books give a soul to the universe,
Wings to the mind,
Flight to the imagination,
And life to everything.

# Oasis Movement

‘Friendship Home’ 2nd Floor, Shalin Apartment, 52, Haribhakti Colony,
Race Course, Vadodara-390007, Gujarat, India

Mobile No.: +91 9924343083, 9726404783

Email: info@oasismovement.in